# ગુજરાતી નિબંધો

## ધોરણ - ૫





shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education






**શાળાનું નામ –**













૧. અનુલેખન

૨. વર્ષાઋતુ

૩. પંદરમી ઓગષ્ટ

૪. પત્રલેખન

૫. મારો પ્રિય તહેવાર

૬. વાર્તાલેખન

૭. ડૉ. ભીમરાવ આંબેડકર

૮. વાર્તાલેખન

૯. પ્રજાસત્તાક દિન

૧૦. ઉનાળો

૧૧. હોળી





## અનુલેખન

વિજ્ઞાને આપણને અનેક સુખ-સગવડનાં સાધનોની ભેટ આપી છે. તેમાં કમ્પ્યુટર વિજ્ઞાનની અદભૂત ભેટ છે. કમ્પ્યુટર દેખાવે ટીવી જેવું હોય છે. કમ્પ્યુટરમાં કી-બોર્ડ, માઉસ, મોનિટર અને પ્રિન્ટર જેવા ભાગો હોય છે. કી-બોર્ડ ટાઈપરાઈટર જેવું હોય છે. તેનાથી ટાઈપ થઈ શકે છે. માઉસનો ઉપયોગ આકૃતિ દોરવા માટે થાય છે. વળી તેના બીજા અનેક ઉપયોગો છે. મોનિટર પર ચિત્રો જોઈ શકાય છે અને લખાણ વાંચી શકાય છે. કમ્પ્યુટર ઝડપથી લખી શકે છે અને ગણતરી કરી શકે છે. કમ્પ્યુટર પર રમતો રમી શકાય છે. કમ્પ્યુટર પર ગીતો સાંભળી શકાય છે અને ચલચિત્રો પણ જોઈ શકાય છે.



## વર્ષાઋતુ

વર્ષાઋતુ વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું.

ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે. વર્ષાઋતુમાં આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય છે. ઠંડો પવન ફુંકાય છે. વીજળીના ચમકારા અને વાદળાંના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાનાં-મોટાં સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાંઉ".. "ડ્રાંઉ".. કરે છે.



ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. ધરતી પર પણ લીલું ઘાસ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી જેવા મોટા તહેવાર વર્ષાઋતુમાં આવે છે. લોકો આ તહેવારો આનંદથી ઊજવે છે.

વર્ષાઋતુમાં કોઈ વાર ભારે વરસાદ પડે તો ઘણું નુકસાન થાય છે. અનાજ પાકતું નથી. તેને લીલો 'દુકાળ' કહે છે. કોઈ વાર તદ્દન ઓછો વરસાદ પડે છે. તેથી અનાજ પાકતું નથી. તેને "સુકો દુકાળ" કહે છે.

વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે. તેથી તે મારી પ્રિય ઋતુ છે.

## પંદરમી ઑગષ્ટ (સ્વાતંત્ર્ય દિન)


પંદરમી ઓગષ્ટ એટલે સ્વાતંત્ર્યદિન. લાંબા સમય સુધી અંગ્રેજોએ આપણા દેશમાં રાજય કર્યું. આપણે પરતંત્ર હતા, ગુલામ હતા. આપણો દેશ સ્વતંત્ર થાય એ માટે મહાત્મા ગાંધીજી અને બીજા નેતાઓએ પ્રયત્નો કર્યા. સ્વાતંત્ર્ય મેળવવા કેટલાય શહીદો થયા. સને ૧૯૪૭ના ઓગષ્ટ માસની પંદરમી તારીખે આપણે આઝાદી હાંસલ કરી. આ દિવસેને આપણે સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવીએ છીએ. આ આપણો ગૌરવભર્યો રાષ્ટ્રીય તહેવાર છે. પંદરમી ઓગસ્ટ અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ ધ્વજવંદનનો છે. દિલ્હીમાં લાલ કિલ્લા પર આપણા વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. તેઓ પ્રજાજોગ સંદેશો પાઠવે છે. આપણાં શહેરોમાં તથા ગામે ગામ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. શિક્ષણ સંસ્થાઓ અને જાહેર સંસ્થાઓમાં પણ ધ્વજવંદન કરવામાં આવે છે. પંદરમી ઓગષ્ટને દિવસે પ્રભાતફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા દેશભક્તિનાં ગીતોનું ગાન જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. રાત્રીએ જાહેર સંસ્થાઓની ઈમારતોને રોશનીથી



શણગારવામાં આવે છે. ખૂબ બલિદાન આપીને મેળવેલી આઝાદીનું જતન કરવા પ્રતિજ્ઞા લેવાનો આ દિવસ છે. દરેકને રાષ્ટ્ર માટે પ્રેમ, ગૌરવ અને બલિદાન આપવાની ભાવના હોવી જોઈએ.

## પત્રલેખન

**તમારાં મોટા ભાઈનાં લગ્ન છે. તેથી તમે ચાર દિવસ નિશાળે જઈ શકો તેમ નથી. તેની રજાચિઠ્ઠી લખો.**



૬૮, ભાગ્યોદય સોસાયટી,
સોલા રોડ,
અમદાવાદ-
૩૮૦૦૬૧
તા. ૩૧-૧-૨૦૧૮

પૂજ્ય ગુરુજી,

સાદર પ્રણામ તા. ૩-૨-૨૦૧૮ ના રોજ મારા મોટા ભાઈનાં લગ્ન છે. તેથી હું તા. ૧-૨-૨૦૧૮ થી તા. ૪–૨–૨૦૧૮ સુધી શાળાએ આવી શકું તેમ નથી. તો મારી ચાર દિવસની રજા પૂરવા મહેરબાની કરશોજી.

લિ.
આપની
આજ્ઞાંકિત વિદ્યાર્થી,
ભરત પટેલ
ધો. ૫, નં. ૧૧

## મારો પ્રિય તહેવાર – દિવાળી

દિવાળી આસો મહિનાની અમાસે આવે છે.

નવરાત્રિ પછી લોકો દિવાળીની તૈયારી કરે છે. તેઓ ઘરની સફાઈ કરે છે. ઘર રંગાવે છે. વાસણો માંજીને ચકચકિત કરે છે. નવાં કપડાં, વાસણો, ફટાકડા વગેરેની ખરીદી કરે છે. જાતજાતની મીઠાઈઓ બનાવે છે.



દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છે : ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ, દિવાળીમાં લોકો ઘરને રોશનીથી શણગારે છે. બહેનો આંગણામાં સાથિયા પૂરે છે અને દીવા મૂકે છે. વેપારીઓ ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજન કરે છે. લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. બેસતા વર્ષના દિવસે લોકો એકબીજાને “સાલમુબારક” કહે છે. કેટલાક લોકો સગાંસંબંધીઓને દિવાળીકાર્ડ મોકલે છે. શાળામાં દિવાળીની રજાઓ હોય છે. તેમને નવાં કપડાં પહેરી ફટાકડા ફોડવાની ઘણી મજા પડે છે.

દિવાળી આપણો મોટો ધાર્મિક તહેવાર છે.

## મારો પ્રિય તહેવાર – ઉત્તરાયણ

‘ઊડે ઊડે છે મારો પતંગ, ઊંચે ઊંચે પેલા વાદળની સંગ.’

દર વર્ષે 14 જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઊજવવામાં આવે છે. તે આબાલવૃદ્ધ સૌનો પ્રિય તહેવાર છે.



આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને "ઉત્તરાયણ" પણ કહે છે.

દિવાળી પછી તરત જ ઉત્તરાયણ ની તૈયારીઓ શરૂ થઈ જાય છે. પતંગ બનાવવાની અને દોરી રંગવાની પ્રવૃતિથી શહેરો ધમધમી ઊઠે છે. મકરસંક્રાંતિની આગલી રાતે બજારમાં ઘણી ભીડ જોવા મળે છે. સૌ યુદ્ધની તૈયારી કરતાં હોય તેમ પતંગોને કિન્ના બાંધવા લાગી જાય છે.

મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ આકાશમાં પતંગયુદ્ધ શરૂ થઈ જાય છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ઠેરઠેરથી 'કાટા...' 'કાટા...' "લપેટ". "લપેટ.." ની બૂમ સંભળાય છે. સ્પીકરીનો ઘોંઘાટ વાતાવરણ ને ગાજવી મૂકે છે. પતંગરસિયાઓ પતંગ ચગાવવાનો પૂરેપૂરો આનંદ માણે છે.



આ તહેવારોનું ધાર્મિક મહત્વ પણ છે. આ દિવસે ગાયોને બાજરીની ઘુઘરી અને ઘાસ નીરવામાં આવે છે. લોકો તલના લાડુમાં સિક્કા પૂરી તે લાડુ દાનમાં આપે છે. તે ગુપ્તદાનનો મહિમા દર્શાવે છે. આ દિવસે લોકો શેરડી, બોર અને તલસાંકળી ખાય છે.

કેટલાક લોકોને પતંગ ચગાવવા કરતાં પતંગ લૂંટવામાં ઘણો રસ પડે છે. કેટલાક લોકો પતંગ પકડવા જતાં ધાબા પરથી નીચે પડી જાય છે કે રસ્તા પર વાહનો સાથે અથડાય છે.

કેટલાક લોકો રાતે ટુક્કલ ચગાવે છે અને બીજા દિવસે વાસી ઉત્તરાયણ મનાવે છે.

આમ, મકરસંક્રાંતિ સૌને આનંદ આપનારો તહેવાર છે.

# મારો પ્રિય તહેવાર – જન્માષ્ટમી

શ્રીકૃષ્ણ ભગવાન જે ભગવાન વિષ્ણુના અવતાર છે. શ્રીકૃષ્ણ ના જનમદિવસને જન્માષ્ટમી તહેવારના રૂપમાં ઉજવાય છે. શ્રાવણ વદ આઠમ (કૃષ્ણ પક્ષ)તિથિ જન્માષ્ટમી નિમિત્તે, ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેને કૃષ્ણજન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે.

જન્માષ્ટમી હિંદુઓનો વાર્ષિક તહેવારના રૂપમાં ઉજવાય છે. આ તહેવાર રક્ષાબંધનના આઠમા દિવસે આવે છે. આ દિવસે લોકો ઘરમાં અને મંદિરોમાં ભવ્ય ઉજવણી કરે છે. લોકો ઘરમાં પણ શ્રીકૃષ્ણના ગોકુળિયું સજાવે છે અને આખો દિવસ ઉપવાસ પર રહે છે અને જુદી-જુદી વાનગીઓ નો ભોગ કે 56 ભોગ લગાવે છે. દ્વારકા અને મથુરામાં આ તહેવારની ભવ્ય ઉજવણી થાય છે. લોકો કૃષ્ણભક્તિમાં ડૂબી જાય છે.

જન્માષ્ટ્મીની રાત્રે 12 વાગ્યે શ્રીકૃષ્ણનો જનમ થયો હતો. તેથી રાત્રે 12 વાગ્યે મંદિરમાં અને ઘરોમાં પણ લોકો શ્રીકૃષ્ણનો અભિષેક, પૂજન અને આરતી કરીને ઉજવણી કરે છે.

આ દિવસે શહેરના રસ્તાઓ પર મટકી ફોડ પ્રતિયોગિતા પણ રાખવામાં આવે છે. તેનું એક ખૂબ સરસ દ્રશ્ય મુંબઈમાં જોવા મળે છે. આખો દિવસ "ગોવિંદા આલા રે આલા જરા મટકી સંભાળ બ્રિજબાલા" ના ગીત ગૂંજાય છે. ભારે સંખ્યામાં લોકો આ મટકીફોડનો આનંદ ઉઠાવે છે. મટકી ફોડ પ્રતિયોગિતા માટે ઈનામો પણ રાખવામાં આવે છે. ફૂટેલી માટલીની ટુકડીને તિજોરીમાં રાખવી શુકનવંતી માનવામાં આવે છે.

શ્રીકૃષ્ણ માતા દેવકી અને વાસુદેવના પુત્ર છે. જેનો જન્મ મથુરામાં રાત્રે 12 વાગ્યે કારાગૃહમાં થયો હતો. કૃષ્ણ દેવકીની આઠમી સંતાન હતી જેને કંસ મારી નાખવાનો હતો એ ડરથી વાસુદેવ શ્રીકૃષ્ણને

યમુના નદી પાર કરીને કૃષ્ણને બાબા નંદરાય અને યશોદા પાસે મૂકી આવ્યા હતા. જે કથા પ્રચલિત છે.

## વાર્તાલેખન

**નીચેના મુદ્દાઓને આધારે વાર્તા લખો. વાર્તાને યોગ્ય મથાળું આપો ?**

(૧) એક ઝાડ – ઝાડ પર માળો – માળામાં કબૂતર રહે – ઝાડની નીચે દર – દરમાં કીડી રહે – વરસાદ પડ્યો – કીડી તણાવા લાગી - કબૂતર પાંદડું નાખ્યું – કીડી બચી ગઈ – એક શિકારી આવ્યો – કબૂતરનો શિકાર કરવા નિશાન તાક્યું – કીડીએ શિકારીને પગે ચટકો ભર્યો – કબૂતર બચી જાય

### કીડી અને કબૂતર

એક ઝાડ હતું. ઝાડ પર કબૂતરનો માળો હતો. ઝાડની નીચે દર હતું. તેમાં એક કીડી રહેતી હતી.

એક વખત વરસાદ પડ્યો. કીડીના દરમાં પાણી ભરાઈ ગયું. કીડી પાણીમાં તણાવા લાગી. માળામાં બેઠેલા કબૂતરે આ જોયું. તેણે તરત જ ઝાડનું પાંદડું તોડી કીડી પાસે નાખ્યું. કીડી તરત જ પાંદડા પર ચડી ગઈ. કબૂતર પાંદડું ચાંચમાં લઈ ઊડ્યું. આથી કીડી બચી ગઈ. કીડીએ કબૂતરનો આભાર માન્યો.

થોડા દિવસ પછી ત્યાં એક શિકારી આવ્યો. તેણે કબૂતરનો શિકાર કરવા બાણ તાક્યું. કીડીએ આ જોયું. તે તરત જ શિકારી પાસે આવી અને શિકારીના પગે ચટકો ભર્યો. શિકારીના હાથમાંથી બાણ છૂટી ગયું. તે નિશાન ચૂકી ગયું. અવાજ થતાં કબૂતર ઊડી ગયું. કબૂતર બચી ગયું. આમ, કીડીએ કબૂતરનો જીવ બચાવ્યો.

બીજાનું ભલું કરવાથી આપણું ભલું થાય છે .

## વાર્તાલેખન

**બે બિલાડીઓ – એક રોટલો મળવો – રોટલા માટે ઝઘડવું – ન્યાય કરાવવા વાંદરા પાસે જવું – વાંદરાએ ત્રાજવાં લઈ આવવાં – રોટલાના બે ટુકડા કરવા – તોલવું – એક બાજુનું પલ્લું નમવું – તે માંથી રોટલાનો ટુકડો ખાવો – આમ ટુકડે ટુકડે રોટલો ખાતા જવું – છેવટનો ટુકડો પણ "આ મારી મહેનતનો" કહી ખાઈ જવો – બોધ.**

### બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે બિલાડીઓ હતી. બંને ભૂખી હતી, બંને ખોરાકની શોધમાં ફરતી હતી. એટલામાં એમની નજર એક ઘરમાં પડેલા રોટલા પર પડી. બંનેએ એકસાથે રોટલા પર તરાપ મારી.

એક બિલાડી રોટલો લઈ ભાગી. બીજી બિલાડી એની પાછળ દોડી. બંને રોટલા માટે ઝઘડવા લાગી. તેવા તેઓની નજર એક વાંદરા પર પડી.

બંને બિલાડીઓ વાંદરા પાસે ગઈ. તેમણે વાંદરાને બધી વાત કરી અને ન્યાય કરવા વિનંતી કરી.

વાંદરાને બિલાડીઓ પાસેથી રોટલો પડાવી લેવો હતો. તેણે એક યુકિત વિચારી કાઢી. તે ક્યાંકથી ત્રાજવાં લઈ આવ્યો.

વાંદરાએ રોટલાના બે ટુકડા કર્યા. તેણે ત્રાજવાનાં બંને પલ્લામાં એક–એક ટુકડો મૂકી ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને ખાઈ ગયો. પછી બાકી રહેલો ટુકડો પલ્લામાં મૂકીને ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને તે ખાઈ ગયો. વાંદરાએ આમ વારંવાર કર્યું. છેવટે એક પલ્લામાં રોટલાનો નાનો ટુકડો રહ્યો.

આ ટુકડો 'મારી મહેનતનો' એમ કહી વાંદરો તે ટુકડો પણ ખાઈ ગયો અને 'હૂપ' 'હૂપ'.... કરતો ભાગી ગયો. બંને બિલાડીઓ જોતી જ રહી ગઈ.

આમ, બેની લડાઈમાં ત્રીજો ફાવે છે.

## વાર્તાલેખન (સમજદાર બકરીઓ)

**એક ઝરણા ઉપર લાકડાનો સાંકડો પુલ – બે બકરીઓનું સામસામું આવવું – બંને સમજદાર એક બકરીનું બેસી જવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું – થોડી વાર પછી બે કુતરાઓનું સામસામું આવવું – બંને ઝઘડાળુ – બંનેનું ઝઘડવું – ઝરણામાં પડવું – બોધ.**

એક ઝરણું હતું. તેના ઉપર લાકડાનો સાંકડો પુલ હતો. ચોમાસના દિવસો હતા. ઝરણામાં પાણી વેગથી વહી રહ્યું હતું. બે બકરીઓ પુલના સામસામેના છેડાથી આવી. બંને પુલની વચ્ચે ભેગી થઈ. બંને એકસાથે પસાર થઈ શકે તેમ ન હતું. પણ બંને બકરીઓ સમજદાર હતી. એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરી તેના ઉપરથી પસાર થઈ ગઈ.

થોડા સમય બાદ બે કૂતરાઓ પુલના સામસામેના છેડાથી આવ્યા. બંને કૂતરાઓ પુલની વચ્ચે ભેગા થઈ ગયા. પુલ એટલે સાંકડો હતો કે બંને કૂતરાઓ માટે એકસાથે પસાર થવાનું શકય ન હતું. બંને કૂતરાઓ ઝઘડાલુ હતા. બંને કૂતરા એકબીજાની સામે ભસવા લાગ્યા. બંને એકબીજાને પાછા ધકેલવા લાગ્યા. તેમ કરતાં કરતાં બંને કૂતરાઓ ઝરણામાં પડયા અને પાણીના વહેણમાં તણાઈને મરી ગયા.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આફતના સમયે આપણે સમજદારીપૂર્વક કામ લેવું જોઈએ.

# ડૉ. ભીમરાવ આંબેડકર

દલિતો અને પીડિતો માટે જીવન સમર્પિત કરનાર ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ મધ્ય પ્રદેશ રાજયના મહૂ ગામમાં 14મી એપ્રિલ, 1891માં થયો હતો. તેમના પિતા રામજીભાઈ લશ્કરની શાળામાં શિક્ષક હતા. એમની માતા ભીમાબાઈ એમને નાના મૂકીને અવસાન પામ્યાં હતાં.

ભીમરાવ ભણવામાં અતિ તેજસ્વી હતા. પરંતુ એમની મહાર જ્ઞાતિ નીચી ગણાતી. પરિણામે ભીમરાવને વારંવાર અપમાન સહન કરવાં પડતાં. આથી મોટા થઈ આ અન્યાય દૂર કરવાનો એમણે દૃઢ સંકલ્પ કર્યો. ભીમરાવની પ્રતિભાથી પોરસાયેલા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી. વિદેશમાં અનેક તકલીફો વેઠીને તે ભણ્યા. એમ. એ., પી. એચ. ડી. થયા. હવે ભીમરાવ ડૉ. ભીમરાવ આંબેડકર બન્યા.



ડૉ. ભીમરાવને ભારતમાં નોકરી મળી. પરંતુ તે અસ્પૃશ્ય હોવાના કારણે એમની જ ઓફીસનો પટાવાળો પણ એમની સાથે ગેરવર્તાવ કરતો. આ સામાજિક અન્યાય દૂર કરવા માટે એમણે “મૂકનાયક” નામનું પાક્ષિક શરૂ કર્યું. ઉપરાંત એમણે “બહિષ્કૃત હિતકારિણી સભા” નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા સામાજિક ઉત્થાનની અનેક પ્રવૃત્તિઓ થવા લાગી.

બાબાસાહેબ પ્રખર દેશભક્ત પણ હતા. આઝાદીની લડતમાં પણ એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. દેશ આઝાદ થયો. સ્વતંત્ર ભારતમાં તેઓ “કાયદાપ્રધાન” બન્યા. બંધારણ સમિતિના “અધ્યક્ષ” બન્યા. દેશનું બંધારણ ઘડાયું. તેઓ “બંધારણના ઘડવૈયા” કહેવાયા.

બાબાસાહેબે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા પણ ઘણા પ્રયત્નો કર્યા. તેમના જીવન પર બુદ્ધ, કબીર અને જયોતિબા ફૂલેનો પ્રભાવ હતો. તેમને પુસ્તકો વાંચવાનો ઘણો શોખ હતો. તે મોડે સુધી પુસ્તકાલયમાં બેસીને પુસ્તકો વાંચ્યા કરતા. ભારતમાતાના આ સાચા રત્નને ઇ.સ. 1990માં મરણોત્તર "ભારત રત્ન" ના ઈલકાબથી નવાજવામાં આવ્યા.

આવા મહાન દેશભકત, દલિતોના ઉદ્ધારક, ગરીબોના બેલી અને સ્ત્રીઓના પક્ષધર બાબાસાહેબ આંબેડકરનું અવસાન 1956માં થયું. ભારતરત્ન અને બંધારણના ઘડવૈયાને હૃદયપૂર્વક વંદન.

## છવ્વીસમી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિન)



છવ્વીસમી જાન્યુઆરી આપણો રાષ્ટ્રીય તહેવાર છે.

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણું બંધારણ અમલમાં આવ્યું. આ દિવસથી પ્રજાનું રાજ્ય સ્થપાયું તેથી આ દિવસને આપણે "પ્રજાસત્તાક દિન'' તરીકે ઊજવીએ છીએ.

પ્રજાસત્તાક દિનના દિવસે સવારે શાળાઓમાં ધ્વજવંદન કરવામાં આવે છે. સરકારી કચેરીઓ પર ધ્વજ ફરકાવવામાં આવે છે. શાળાઓમાં મનોરંજન કાર્યક્રમ કે રમતોત્સવ યોજાય છે.

દિલ્હીમાં આપણા લશ્કરની કવાયત થાય છે. વળી જુદાં જુદાં રાજ્યોના મનોરંજક કાર્યક્રમો પણ બતાવાય છે રેડિયો અને ટી. વી. પર દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવે છે. રાતે ઠેર ઠેર મકાનો પર રોશની જોવા મળે છે. આપણે આપણા દેશની સેવા કરીએ એ જ પ્રજાસત્તાક દિનનો સંદેશ છે.

# ઉનાળો

ભારતમાં મુખ્યત્વે ત્રણ ઋતુઓ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ. આપણે વિવિધ પ્રકારની હવામાન પરિસ્થિતિઓનો અનુભવ કરીએ છીએ. જેમકે શિયાળામાં ઠંડીનું વાતાવરણ હોય છે. ચોમાસામાં વરસાદ પડે છે અંતે મારો પ્રિય ઉનાળો ગરમ વાતાવરણનો અનુભવ કરાવે છે.

ઉનાળાની મોસમ એપ્રિલમાં શરૂ થાય છે અને ઓગસ્ટમાં સમાપ્ત થાય છે. આ ઋતુમાં દિવસો લોબા અને રાત નાની હોય છે. આ ઋતુ આપણા માટે સૂર્યની ઉષ્ણતા લાવે છે કારણ કે પૃથ્વીનો જે ભાગ સૂર્યના સીધા કિરણોનો સામનો કરી રહ્યો છે તે ભાગમાં ઉનાળો હોય છે.આ કારણે પૃથ્વીનું તાપમાન 45 થી 50 સેલ્સિયસ સુધીનુ હોય છે. ઉનાળામાં વિદ્યાર્થીઓને વેકેશન હોય છે તેથી તેઓને ઉનાળો ખૂબ ગમે છે. ઉનાળાની ઋતુ પણ મારી મનપસંદ ઋતુ છે. વિદ્યાર્થીઓને શાળાએ જવું પડતું નથી અને કોઈ હોમવર્ક પણ કરવુ પડતું નથી.તેઓને માત્ર રમવા અને મનોરંજન કરવાનું જ હોય છે. બાળકો સામાન્ય રીતે સવારે વહેલા ઊઠે છે અને રમતના મેદાનમાં જાય છે રમતો રમે છે અને તે પછી તેઓ મધ્યાનમાં વિડીયો ગેમ્સ, મુવીઝ અને અન્ય પ્રવૃત્તિઓ રમે છે અને સાંજે મોડી રાત સુધી રમે છે તેથી ઉનાળાની ઋતુ બાળકો માટે સારી રીતે વિકાસ કરવા માટે વરદાન સમાન છે.

ઉનાળામાં  લોકો મોટેભાગે વેકેશન ગાળવા અને ઉનાળાની ગરમીથી રાહત મેળવવા માટે હિલ સ્ટેશન પર જાય છે. સાંજે લોકો બહાર જે પોતાનું કામ કરે છે તે મિત્રો સાથે સમય વિતાવે છે અને ઉનાળામાં રાહત મેળવવા માટે તેઓ આઈસ ડીશ અને ગોલા પણ ખાય છે. ઉનાળાની સૌથી સુંદર વાત એ છે કે લોકો ધાબા પર સુઈ જાય છે જેથી તેમને ઠંડી હવા મળે અને ત્યાંથી તેઓ આખું આકાશ તારાથી ભરેલું જોઈ

શકે છે. જે અદભુત છે લોકો સ્વિમિંગ પૂલ કે નદીમાં તરવા પણ જાય છે . લોકો ગરમીથી રાહત મેળવવા વોટરપાર્ક માં જાય છે.

ઉનાળો આમતો આપણને ગરમીથી બહુ હેરાન કરે છે. પણ સમગ્ર જનજીવન માટે વરદાનરૂપ છે. કારણકે ઉનાળાની ગરમીને લીધે પાણીનુ બાષ્પીભવન થઇ વરાળ સ્વરૂપે તે આકાશમાં જઇ વાદળ બને છે. અને તે વરસાદ સ્વરુપે ચોમાસમાં પાણી સ્વરૂપે પાછુ આવે છે. આમ ઉનાળો ખુબજ ઉપયોગી છે.

મારે તો ઉનાળામાં શાળામાં રજા હોય છે. એટલે રમવાની ખુબ જ મજા પડે છે..એટલે તો ઉનાળો મારી પ્રિય ઋતુ છે.

## હોળી

હોળી ફાગણ સુદ પુનમને દિવસે હોળીનો ઉત્સવ ઊજવવામાં આવે છે.



હિરણ્યકશ્યપ નામે એક રાક્ષસ રાજા હતો. તેના કુંવરનું નામ પ્રહલાદ હતું. પ્રહલાદ પ્રભુનો ભક્ત હતો. તેના પિતા ભગવાનના વેરી હતા. તેમને પ્રહલાદ પ્રભુને ભજે એ ન ગમે. હિરણ્યકશિપુની એક બહેન હતી.



તેનું નામ હોલિકા હતું. તેને અગ્નિ બાળી ન શકે એવું વરદાન હતું. પ્રહલાદને મારી નાંખવા હોલિકા તેને ખોળામાં બેસાડી લાકડાંઓની ચિતા પર બેઠી. ચિતા સળગાવવામાં આવી ચમત્કાર થયો. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ. પ્રહલાદ ઊગરી ગયો. આમ સત્ય અને પ્રભુની ભક્તિનો વિજય થયો. આ પૌરાણિક પ્રસંગથી હોળીનો તહેવાર ઊજવવામાં આવે છે. પ્રહલાદ ઊગરી ગયો તેના આનંદમાં સૌ આનંદ ઉત્સવ ઊજવે છે.

તેઓ એકબીજા પર ગુલાલ છાંટે છે. પછી તો આ સમગ્ર તહેવાર રંગનો ઉત્સવ બની ગયો. ગામને પાદરે કે શેરીને નાકે સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સહુ હોળીની પૂજા કરે છે. હોળીના દિવસે લોકો હારડા, ધાણી-ચણા અને ખજૂર ખાય છે.

હોળી પછીના બીજા દિવસને સૌ ધુળેટી તરીકે ઊજવે છે. આ દિવસે લોકો એકબીજા પર રંગ અને ગુલાલ છાંટે છે. બાળકો રંગની પિચકારીઓથી એકબીજાને રંગે છે. હોળીનો તહેવાર બાળકોને અતિ પ્રિય છે.

શિક્ષણ સાગર

shikshansagar.com

The King of Education

## અન્ય ધોરણ વાઈઝ અને વિષય વાઈઝ નિબંધો માટે

**CLICK HERE**

- ધોરણ – ૩/૪/૫ ગુજરાતી
- ધોરણ – ૫ હિન્દી
- ધોરણ – ૫ અંગ્રેજી
- ધોરણ – ૬/૭/૮ ગુજરાતી
- ધોરણ – ૬/૭/૮ હિન્દી
- ધોરણ – ૬/૭/૮ અંગ્રેજી

